Chapter-5

# પ્રકરણ-૫

# ઉપસંહાર

## ઉપસંહાર

આપણું ગુજરાતી સાહિત્ય વિવેચન મહ્દઅંશે સંસ્કૃત કાવ્યમીમાંસા અને પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાથી પ્રભાવિત રહ્યું છે. નર્મદયુગથી ગાંધીયુગ સુધીનું વિવેચન તપાસતાં એની વિચારણાઓ, સિદ્ધાંતો, ગૃહીતો પર સંસ્કૃત કાવ્યમીમાંસા અને પાશ્ચાત્ય સાહિત્યમીમાંસાની અસર રહી છે. અમુક વિવેચકો પાશ્ચાત્ય વિચારણાને અનુસર્યા તો કેટલાંક સંસ્કૃત કાવ્યમીમાંસાને અનુસર્યા અને કેટલાંક વિવેચકો બંને વિચારણાઓનો સમાવેશ કરે છે. નર્મદની કાવ્યવિચારણામાં 'તર્ક' અને 'જોસ્સો' મહત્ત્વનું સ્થાન ધરાવે છે. નર્મદ પર વધુ તો હેઝલિટનો પ્રભાવ પડયો છે. જયારે વિશ્વનાથની 'રસ' સંદર્ભેની વિચારણાને નર્મદ અનુસરે છે. નર્મદની કાવ્યવિચારણાથી આપણી ગુજરાતી વિવેચન પ્રવૃત્તિનો આરંભ થયો છે. નર્મદના 'કવિ અને કવિતા' નિબંધમાં એમની સર્જનપ્રક્રિયા સ્વરૂપ, કવિ અને કવિતા વિશેની એમની સમજ સ્પષ્ટ થાય છે. નર્મદ પછી નવલરામે સૈદ્ધાન્તિક લેખો, ગ્રંથાવલોકનો અને કવિતાના જીવન-કવન સંદર્ભે વિવેચનકાર્ય કર્યું છે. નવલકરામે 'કુદરત' સંજ્ઞા પરત્વે એરિસ્ટોટલ અને બેકનના કાવ્યવિચારનો આધાર લઈ અને વિસ્તારવાનું કાર્ય કર્યું છે. નવલરામે કાવ્યમાં જોસ્સોના બદલે 'ખરા જોસ્સોને' અને 'રસ'ને પ્રાધાન્ય આપ્યું છે. પ્રેમાનંદ અને શામળની રચના સંદર્ભે 'અખંડ લહરી' અને 'ખંડ લહરી' એવી સંજ્ઞા પ્રયોજી છે. નવલરામ કવિકર્મ, રચનારીત, વર્ણનો, પાત્ર રસ જેવાં પ્રશ્નોને સાહિત્યિક સંદર્ભમાં ચર્ચે છે.

સાક્ષરયુગના વિવેચકોએ પૂર્વ-પશ્ચિમના સિદ્ધાંતોને આધારે વિવેચનપ્રવૃત્તિમાં નવી દિશાનો નિર્દેશ કર્યો. નરસિંહરાવ દીવેટિયા વર્ડ્ઝવર્થ અને આર્નલ્ડના કાવ્યવિચારોને અનુસરી કવિતાનાં રસ અને સૌંદર્યને મહત્ત્વ આપે છે. એઓ કાવ્ય અને કવિતાનો સૂક્ષ્મ ભેદ પણ દર્શાવી આપે છે. નરસિંહરાવની 'સંગીત' વિશેની વિચારણા નવલરામની સંગીત વિષયક વિચારણાને અનુસરે છે. એમણે Pathetic fallacy વિશે પણ ચર્ચા કરી છે. રમણભાઈ નીલકંઠે કાવ્યની ઉત્પતિ, કાવ્યનો આનંદ, અનુકરણ, સ્વાનુભવરસિક, સર્વાનુભવરસિક જેવાં સમ્પ્રત્યયોની ચર્ચા પશ્ચિમના પ્રબળ ઊર્મિવાદના પ્રભાવે કરી છે. રમણભાઈ

નીલકંઠ કવિતાની ઉત્પતિ સંદર્ભે ચિત્તક્ષોભને મહત્ત્વ આપે છે. જયારે આનંદશંકર ધ્રુવે રમણભાઈ નીલકંઠના પ્રબળ ઊર્મિવાદની સામે પ્રતિકાર રૂપે આત્મા, બુદ્ધિ, હૃદયની પ્રતિષ્ઠા કરી. રમણભાઈના 'વૃત્તિમય ભાવાભાસ' અનુષંગેના મત સામે આનંદશંકર ધ્રુવના 'ઊર્મિવાદ'ના પ્રબળ પ્રતિકાર પછી બ.ક.ઠાકોરે 'વિચાર પ્રધાન કવિતા'ની હિમાયત કરી. એમણે 'ઊર્મિપ્રધાનતા' અને 'ઊર્મિવત્ત'ની વિભાવનાને સ્પષ્ટ કરી આપી છે. બળંવતરાય કાવ્યવિચારણામાં ઊર્મિ, આત્માના સ્થાને 'વિચાર'ને પ્રાધાન્ય આપે છે.

ગાંધીયુગમાં વિવેચન વિચારણા જીવનકેન્દ્રી તો રહી જ છે સાથે સાથે સૌંદર્યાભિમુખ પણ રહે છે. આ યુગના વિવેચકોની વિવેચન વિચારણામાં જીવનાભિમુખની સામે સૌંદર્યભિમુખતાને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું જ છે. રા.વિ.પાઠકે ક્ષેમન્દ્રના 'ઔચિત્ય' વિચારની મહત્તા કૃતિ સંદર્ભે બતાવી આપી છે. એઓ ભારતીય કાવ્યમીમાંસાને વધુ પ્રાધાન્ય આપે છે. એમની વિવેચન અને સર્જકલક્ષી વિચારણામાં 'રહસ્ય'નું મહત્ત્વ રહ્યું છે. ઉમાશંકર જોશીની કાવ્યલક્ષી વિચારણામાં આનંદશંકર ધ્રુવની વિચારણાનો પુરસ્કાર થાય છે. એમણે કવિ, કવિપ્રતિભા, કવિકર્મ, જીવનદર્શન, પરિસ્પંદ જેવી સંજ્ઞાઓની ચર્ચા પૂર્વ-પાશ્ચાત્ય મીમાંસકોની વિચારણાના અનુસંધાનમાં કરી છે. એઓ પ્રેરણાને કવિકર્મનું બીજ માને છે. નર્મદથી લઈ ગાંધીયુગ સુધી દરેક વિવેચકો કાવ્યનાં મૂળ સંદર્ભે જુદા મત ધરાવે છે પરંતુ કયાંકને કયાંક એમની વિચારણાનું અનુસંધાન એકબીજામાં થતું જોઈ શકાય છે. ઉમાશંકર જોશીના કાવ્ય 'છિન્ન ભિન્ન છું' માં આધુનિકતાના, નગર જીવનના ભણકારા સૌપ્રથમ સંભળાય છે. સુરેશ જોષીએ ગુજરાતી સાહિત્ય અને વિવેચન પ્રત્યે રોષ પ્રકટ કર્યો છે. એમના દ્વારા 'શુદ્ધકળા'નો સિદ્ધાંત પ્રતિપાદિત થયો છે એમ કહી શકાય. એમની 'ઘટના હ્રાસ'ની વિભાવનાએ ગુજરાતી સાહિત્ય અને વિવેચનક્ષેત્રે ઊહાપોહ સર્જ્યો હતો. અને આજ પર્યંત એની ચર્ચા-વિચારણાઓ ચાલે છે. સુરેશ જોષીની સાહિત્યિક ભાવનાનું ઘડતર મહ્દઅંશે પાશ્ચાત્ય સાહિત્ય અને મીમાંસાથી થયું છે. આકૃતિ, સંવિધાન, પ્રતીક, કલ્પન, રૂપનિર્મિતિ જેવાં સમ્પ્રત્યોની વિચારણા એમણે કરેલ છે.

સુમનશાહે સિદ્ધાંત ચર્ચાની સાથે નવલકથા અને ટૂંકીવાર્તાની ભાષા સંદર્ભે કાર્ય કર્યું. એમણે કથાસાહિત્યની ભાષા તરફ વધુ પ્રવૃત્તિ કરી. જયારે ચન્દ્રકાન્ત ટોપીવાળાએ કાવ્યભાષાને તપાસી. એમણે નવાં નવાં અભિગમો જે પાશ્ચાત્ય સાહિત્યવિવેચનમાં પ્રવર્તતા હતાં એને આણવાનું પ્રશસ્ય કાર્ય કર્યું છે. જયારે શિરીષ પંચાલનું વિવેચનકાર્ય સૈદ્ધાન્તિક વિવેચના તરફ વધુ ઝોક ધરાવે છે. શિરીષ પંચાલની વિવેચના સાતમાં દાયકામાં આધુનિકોની આબોહવાથી પ્રેરિત લાગે. પરંતુ એમનો પોતાનો મૌલિક અવાજ આઠમાં-નવમાં દાયકામાં સાહિત્યવિવેચનક્ષેત્રે પોતાની સૈદ્ધાન્તિક અને પ્રત્યક્ષ વિવેચના દ્વારા પ્રતિપાદિત કરી આપે છે. આ વિવેચકની વિવેચના આધુનિકોથી જુદી પડે છે. એમની વિવેચના આરંભમાં આધુનિકોના પ્રવાહે જતી જોવા મળે પરંતુ આઠમા-નવમાં દાયકામાં વિવેચન અનુષંગેની એમની નૂતન દષ્ટિનો પરિચય થાય છે. આમ આપણું ગુજરાતી સાહિત્ય વિવેચન સમૃદ્ધ પરિપાટી પર ઊભું છે.

વિવેચક શિરીષ પંચાલની વિવેચન પ્રવૃત્તિ લગભગ સાતમા દાયકાથી આજપર્યંત પ્રવૃત છે. એમની વિવેચન પ્રવૃત્તિના આંરભના સમયમાં સુરેશ જોષી, હરિવલ્લભ ભાયાણી, જયંતકોઠારી, પ્રમોદકુમાર પટેલ, સિતાંશુ યશશ્ચંદ્ર જેવા વિવેચકોએ પણ પોતાની વિવેચન વિચારણા દ્વારા ઊહાપોહ ફેલાવ્યો હતો. તે સમયમાં આધુનિકતાવાદી વિચારસરણીનો પ્રભાવ હતો. આધુનિકતાવાદી વિચારણાએ પરંપરાનો આત્યંતિક ધોરણે વિદ્રોહ કર્યો હતો. આપણાં ગુજરાતી સાહિત્ય અને વિવેચનમાં આધુનિકતાના પ્રથમ પ્રર્વકતા સુરેશ જોષીને જ મનાય છે. એમના દ્વારા આધુનિકતાના મંડાણ ગુજરાતી સાહિત્ય અને વિવેચનક્ષેત્રે થયાં. અને 'રૂપ', 'આકાર', 'કલા'ને સામગ્રીની જગ્યાએ મહત્ત્વ અપાતું થયું. 'શુદ્ધકળા'ના સિદ્ધાંતનો આવિર્ભાવ થયો. કલાકારનો મુખ્ય હેતુ જ શુદ્ધ કલાકૃતિનું નિર્માણ કરવાનો રહ્યો. આપણા વિવેચકો પાશ્ચાત્ય વિવેચનમાં પ્રવર્તી રહેલી સૈદ્ધાન્તિક અને પ્રત્યક્ષ વિચારણાઓથી પ્રભાવિત થયાં. સુરેશ જોષીની વિવેચન વિભાવના પાશ્ચાત્ય વિવેચનાથી મહ્દઅંશે પ્રભાવિત છે. વિવેચક શિરીષ પંચાલનો શોધનિબંધ 'કાવ્યવિવેચનની સમસ્યાઓ' સુરેશ જોષીની વિવેચન વિચારણા અને

‘રૂપરચનાવાદી’ વિચારણાથી પ્રેરિત છે. આ શોધનિબંધઈ.સ.૧૯૮૫માં પ્રકાશિત થયો. આ સમય દરમ્યાન કાવ્ય કે કૃતિની સ્વાયત્તતા તથા ઘટકો વચ્ચે આંતરસંબધ હોવો જોઈએ એવી રૂપરચનાવાદી વિચારણા અસ્તિત્વ ધરાવતી હતી. એમાં વિવેચકે ‘કાવ્યવિવેચનની સમસ્યાની’ ચર્ચા ગુજરાતી કાવ્યવિવેચન પરંપરાના અનુસંધાને કરી છે. એમણે કાવ્યવિવેચનની વિભાવના સંદર્ભે આપણાં કાવ્યવિવેચનની વિશેષતા અને સીમાઓ વર્ણવી છે. એમના સંશોધનકાર્યથી ગુજરાતી કાવ્યવિવેચનની સૂક્ષ્મ ગતિવિધિનો આલેખ મળે છે. આ શોધનિબંધમાં સંશોધક તરીકેની એમની સજ્જતા, સૂઝ પ્રશસ્ય બની રહે છે.

આધુનિક યુગમાં સાહિત્ય અને વિવેચન સંદર્ભે નવા વિચારો, નવી પદ્ધતિઓ, અભિગમોનો પ્રવેશ થતાં સાહિત્ય અને વિવેચનનું રૂપ બદલાય ગયું. આજ સમયગાળાની આસપાસ વિવેચકની વિવેચન પ્રવૃત્તિ શરૂ થાય છે. વિવેચક શિરીષ પંચાલનું વિવેચનકાર્ય દીર્ઘપટમાં જોવા મળે છે. એમના વિવેચનકાર્યને તપાસતી વખતે ચોકકસપણે એવી પ્રતીતિ થાય છે કે, એઓ જયારે કૃતિનું પ્રત્યક્ષ વિવેચન કરે છે ત્યારે એમની સમૃદ્ધ ચેતનાનો સંસ્પર્શ અનુભવાય છે. એમણે ઉત્તમ કૃતિઓના વિવેચનો આસ્વાદમૂલક પદ્ધતિએ કર્યા છે, એ એમના ભાવનાવ્યાપારનો ઊંડો પરિચય કરાવી જાય છે. એઓની નિર્ભીક વિવેચના પણ કૃતિના વિવેચન સંદર્ભે અને સૈદ્ધાન્તિક વિવેચનના અનુસંધાને એમની તટસ્થતા અને સ્વસ્થત્તાને સૂચવે છે.

વિવેચકના આ જ સુધીના (નવ) વિવેચન ગ્રંથો પ્રકાશિત થયાં છે. આ નવ વિવેચન ગ્રંથમાં પ્રકરણો અને લેખોનો સમાવેશ થાય છે. વિવેચન ગ્રંથમાં એમના બાવીસ (૨૨) સૈદ્ધાન્તિક લેખો છે. જયારે અગ્રંથસ્થ સૈદ્ધાન્તિક લેખોની સંખ્યા (૪૬) જેટલી છે. વિવેચકના સૈદ્ધાન્તિક વિવેચનનો વ્યાપ ઘણો છે. એમની વિવેચનલક્ષી વિચારણા પર પાશ્ચાત્યનો પ્રભાવ છે. એમણે પાશ્ચાત્ય વિચારકોની વિચારણાનો પરિચય ભાવનુવાદરૂપે પણ કરાવ્યો છે. ભારતીય કાવ્યમીમાંસા અને પાશ્ચાત્યમીમાંસાના સિદ્ધાંતોનો સૈદ્ધાન્તિક અને પ્રત્યક્ષ વિવેચન સંદર્ભે વિનિયોગ કર્યો છે. વિવેચકનું વિવેચનક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન ‘પશ્ચિમનું સાહિત્ય વિવેચન’

(પ્રાચીનકાળ) અને 'પશ્ચિમનું સાહિત્ય વિવેચન' (અર્વાચીનકાળ) છે. એમણે પ્લેટોના પુરોગામીથી લઈ સુઝાન લેન્ગર સુધીની સાહિત્યિક-વિવેચનકેન્દ્રી વિચારણાને એના સમયસંદર્ભમાં મૂલવી છે. પ્લેટો, એરિસ્ટોટલ, લોન્જાઈનસની કળાવિભાવનાનું ઘડતર, કાવ્યવિભાવનાનો ઊંડાણપૂર્વકનો પરિચય ત્યાંના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, શૈક્ષણિક, સાહિત્યિક સંદર્ભમાં ઊંડાણપૂર્વક કરાવ્યો છે. એમણે ગ્રીક સાહિત્યવિચારણા સાથે ભારતીય કાવ્યશાસ્ત્રના મીમાંસકો, એમની વિચારણાનો નિર્દેશ પણ તુલનાભાવે કર્યો છે. આ વિવેચન ગ્રંથ એમનું સાહિત્યક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન છે. પરંતુ આ વિવેચન ગ્રંથમાં સુગ્રથિત સૈદ્ધાન્તિક વિચારણા પ્રાપ્ત થતી નથી. વિવેચકે પાશ્ચાત્ય સાહિત્યમીમાંસા સંદર્ભે ઐતિહાસિક અને તુલનાત્મક અભિગમે પરિચયાત્મક ભાષામાં સૈદ્ધાન્તિક વિચારણાને રજૂ કરી છે. તો પ્રશ્ન થાય કે આપણી ગુજરાતી કાવ્યવિવેચન પરંપરાને ઐતિહાસિક અને તુલનાત્મક અભિગમે તપાસવું રૂપરચનાવાદી અભિગમની જગ્યાએ યોગ્ય નહોતું ?

વિવેચકે સૈદ્ધાન્તિક વિવેચના કરતાં પ્રત્યક્ષ વિવેચનકાર્ય ઓછી માત્રામાં કર્યું છે. પરંતુ પ્રત્યક્ષ વિવેચનકાર્ય એમનું પ્રશસ્ય બની રહે છે. કારણકે એઓ જે પણ કૃતિનું વિવેચન કરે ત્યારે એમની પદ્ધતિ આસ્વાદમૂલક જ રહી છે. એમણે માત્ર ગુજરાતી કૃતિઓનું જ નહી પરંતુ ભારતીય અને પાશ્ચાત્ય કૃતિઓનું પણ પ્રત્યક્ષ વિવેચન કર્યું છે. એમનો અભિગમ કૃતિલક્ષી રહ્યો છે. છતાં એમની સમૃદ્ધ ભાવકચેતનાનો સંસ્પર્શ થયા વિના રહેતો નથી. એમની સૈદ્ધાન્તિક વિવેચના હોય કે પ્રત્યક્ષ વિવેચના હોય એમાં એમનો નિર્ભીકતાનો સૂર અવશ્ય સંભળાય છે. હેમિંગ્વેની કૃતિ હોય કે ગોવર્ધનરામ ત્રિપાઠીની કૃતિ હોય એમણે કૃતિમાંથી જે રસ ઉદ્‌ઘાટિત થાય છે એના તટસ્થતાપૂર્વકના નિરીક્ષણો આપ્યાં છે. એમના નિરીક્ષણો મૌલિક બની રહે છે જે એમની વિશિષ્ટતા છે. એમની પ્રત્યક્ષ વિવેચનામાં વિશેષતા એ બની રહી છે કે, વિશ્વસાહિત્યથી ઘડાયેલી ચેતના, અભિગમો પ્રત્યેની ઊંડી સમજ, સહૃદયતા, શાસ્ત્રીય પદ્ધતિએ રજૂઆત કરવાની એમની શૈલી,

સદષ્ટાંતમૂલક નોંધ, પ્રકાશમાં ના આવ્યાં હોય એવા રસસ્થાનોને ઉદ્‌ઘાટિત કરી આપવા જેવી બાબતો એમના વિવેચનના વિશેષ બની રહે છે.

સર્જનભાવનકેન્દ્રી વિચારણા અને સર્જક પરિચય કરાવતી એમની સૈદ્ધાન્તિક વિવેચનામાં માત્ર નોંધ જ આપતા નથી પરંતુ એઓ મંતવ્યો, દલીલો, ચર્ચાઓને પણ તુલનાત્મક અભિગમે ચર્ચે છે. વિવેચક તરીકેની એમની લાક્ષણિકતાઓ જેવી કે વિષયને કેન્દ્રમાં રાખીને પદ્ધતિસરની રજૂઆત કરે છે. વિષય પરત્વે દાખલા-દલીલો તર્કબદ્ધભાષામાં સાધારરૂપ રજૂ કરતાં જાય છે. મુખ્ય વિષયની સાથે અનુસંધાન ધરાવતાં વિષયોને લઈને પણ અમુકવાર ચર્ચાઓ કરે છે. અહીં એમના વિશાળ વાચનનો અનુભવ થાય છે. ક્યારેક એમના લેખોમાં મુખ્ય વિષય બાજુ પર રહી જાય છે અને બીજો જ વિષય વધુ ચર્ચાનો ભાગ રોકી લે છે. જેમકે 'વિવેચકનું સંત્રીકર્મ અંતરાય રૂપ ?' લેખ.

વિવેચકની વિવેચનપ્રવૃત્તિ સાતમાં દાયકાથી આજપર્યંત પ્રવૃત્ત છે. એમાં એમના અભિગમોમાં પરિવર્તન સમકાલીન પ્રવાહોના સંદર્ભે આવે છે. આરંભના સમયમાં એમની વિવેચનપ્રવૃત્તિનો ઝોક રૂપરચનાવાદી વિવેચન તરફ વધુ હતો. ત્યારબાદ ઐતિહાસિક અભિગમને અનુસરે છે. એમની વિવેચનામાં ત્રીજું સ્થિત્યંત્તર ચૈતન્યવાદી અભિગમે આવે છે. માનવતાવાદી અભિગમને પુરસ્કારે છે. એમની ચેતનામાં પરિવર્તન સમકાલીન વાતાવરણના અનુસંધાને આવતું જોઈ શકાય છે. એમનો રૂપરચનાવાદી અભિગમ તરફનો ઝોક એમના શોધનિબંધમાં જોઈ શકાય છે. પરંતુ આ અભિગમ પરત્વેની ફરિયાદ પણ આ જ શોધનિબંધમાં થઈ છે.

ગુજરાતી સાહિત્ય વિવેચનમાં પ્રર્વતતી અરાજકતાઓનો પણ સદષ્ટાંત પરિચય કરાવે છે. એઓ કોઈ પ્રકારની શેહ શરમ રાખ્યા વગર નિર્ભીકપણે વિવેચનકાર્ય કે સંપાદનકાર્યને લઈને કડક સૂરમાં આલોચના કરે છે. વિવેચકના અભિગમોમાં સ્થિત્યંત્તર આવે છે પરંતુ ધોરણો અને વલણ તો એ જ છે. આ કારણે એઓ કૃતિની ગુણવત્તા, આકાર, સાહિત્યિકતા સંદર્ભે સમાધાન કરવા તૈયાર નથી. એમના કૃતિ સંદર્ભેના અવલોકનોમાં કલાત્મકતાના ધોરણોનો અચૂક નિર્દેશ જોવા

મળે. જ્યાં મર્યાદાઓ જોવા મળે એની નોંધ પણ સદષ્ટાંતરૂપે લેતાં જોઈ શકાય છે. એમના અભિગમોમાં આવેલ સ્થિત્યંત્તરનું પરિણામ એ આવ્યું કે એઓ જે રૂપરચનાવાદી અભિગમને પુરસ્કારતાં હતાં એની જગ્યાએ માનવતાવાદી અભિગમને પુરસ્કારતાં 'રૂપરચનાથી વિઘટન' પુસ્તક પ્રાપ્ત થાય છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ થયેલા દરેક લેખો સમાજ, જીવન, માનવતાને અનુલક્ષીને ચર્ચાઓ રજૂ કરે છે. વિવેચકનું પુસ્તક 'કાવ્યવિવેચનની સમસ્યાઓ' સામે મૂકતાં એમની વિવેચનલક્ષી વિચારણામાં આવેલ સ્થિત્યંત્તરની દઢ પ્રતીતિ થાય છે. વિવેચકના સિદ્ધાંત લેખો અને વિવેચનલક્ષી અભિગમો અને પદ્ધતિઓ મોટાભાગે પશ્ચિમની વિચારણા પર આધારિત છે. પરંતુ એમની વિવેચનલક્ષી વિચારણામાં સ્થિત્યંત્તર આવવાનું કારણ આપણું જ સાહિત્ય, સમાજ, રાજકીય, સાંસ્કૃતિક પરિસ્થિતિ છે. 'વીસમી સદીનું ગુજરાત', ' સ્વાતંત્ર્યોત્તર ગુજરાત' જેવા પુસ્તકોમાં કળા, અન્ય સંદર્ભો, વિદ્યાશાખાઓનું માનવજીવનમાં સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભમાં કેટલું મહત્ત્વ હોય છે એની ચર્ચા વિચારણા કરતાં લેખો પ્રાપ્ત થાય છે. એમની બૃહદ્ દષ્ટિનો પરિચય કરાવનાર આ પુસ્તકો છે.

'ભાવયામિ' (સુરેશ જોષીના નિબંધોનો સંગ્રહ), 'માનીતી અણમાનીતી' (સુરેશ જોષીની વાર્તાઓ), 'સુરેશ જોષી સંચય' (વાર્તાસંચય જયંત પારેખ સાથે) જેવા સંપાદનગ્રથો એમની વિવેચનલક્ષી અને સર્જનલક્ષી વિચારણાનો પરિચય કરાવે છે. સુરેશ જોષીની વાર્તાઓ અને નિબંધોની તપાસ રચનારીતિના સંદર્ભે કરી છે. આ વાર્તાઓ, નિબંધોની તપાસ કરતી વખતે એમનો ચૈતન્યવાદી અભિગમ રહ્યો છે. એમની ભાવનકેન્દ્રી વિચારણાનો પરિચય કરાવતી પાશ્ચાત્ય કૃતિઓમાં 'હેમિંગ્વેની બે વિશિષ્ટ વાર્તાઓ', 'ધ ફ્રેન્ચ લેફ્ટેનન્ટ્સ વુમન' અને ગુજરાતી કૃતિઓમાં 'રાક્ષસ', 'વર્તુળ', 'અગતિગમન' નો સમાવેશ થાય છે. વિવેચક કૃતિઓની તપાસ ઊંડાણપૂર્વક કરે છે. વિવેચકની કથાસાહિત્યલક્ષી વિચારણામાં સ્થિત્યંત્તર જહોન ફાઉલેસકૃત કૃતિઓ દ્વારા આવે છે. જહોન ફાઉલેસે સાબિત કરી બતાવ્યું કે 'સાહિત્ય'ને કોઈપણ નિયમમાં બાંધી ન શકાય. 'આ નવલકથાકારો માયૂમેટિક ફોર્મના આગ્રહી છે પણ એઓ સપાટી પરની વાસ્તવિકતા આલેખીને

બેસી રહેતા નથી, એ વાસ્તવિકતાને ઉલ્લંઘવાનો પ્રયત્ન કરે છે. આ નવલકથાકારોએ ફરી એક વાર બતાવી આપ્યું કે સાહિત્યને તમે કદી વ્યાખ્યાબદ્ધ કરી શકતા નથી. વિવચને સાહિત્યસર્જનમાં એવા કોઈ આદર્શ ધોરણે પૂરાં પાડવાનાં નથી. આજે લખતો સર્જક જયારે ભૂતકાળથી જર્જરિત થઈ ગયેલાં માળખાઓનો ઉપયોગ કરે ત્યારે કાં તો તેની વિડમ્બના માટે, કાં તો વિશુદ્ધીકરણ માટે, કાં તો અત્યાર સુધી તેની અપ્રગટ શકયતાઓને પ્રગટ કરવા માટે, કાં તો આધુનિક શૈલીઓ પ્રત્યે અસન્તોષ દર્શાવવા માટે અહીં કદાચ આ બધાં કારણો આ નવલકથાને લાગુ પડે છે.'(ફાર્બસ ત્રૈમાસિક, એપ્રિલ-જૂન, ૧૯૮૧) આમ ફાઉલેસકૃત કૃતિઓ વિવેચક શિરીષ પંચાલની વિચારણામાં પરિવર્તન આણે છે.

'રૂપરચનાથી વિઘટન'(૧૯૮૬) ગ્રંથમાં એમની દષ્ટિ સાંપ્રતકાળમાં દરેક સંદર્ભોમાં ફરી વળે છે એનો સૂક્ષ્મ પરિચય કરાવે છે. 'સર્જક કોને જવાબદાર', 'સર્જક ગુફાવાસી', 'સાહિત્યનો મૃત્યુઘંટ', 'જીવન વિરુદ્ધ કળા ?', 'આધુનિક માનવસન્દર્ભ અને હન્ના આરેન્ડ્ટ' જેવા લેખોમાં સમકાલીન વાતારણ સંદર્ભે માનવીય અભિગમને પુરસ્કારતી તેમની સમાજલક્ષી, સંસ્કૃતિકેન્દ્રી વિચારણાનો ઊંડો પરિચય થાય છે. આ પુસ્તકમાંથી પસાર થતા એવી પ્રતીતિ થાય છે કે સાંપ્રત વાતાવરણને જોતાં એમને જે ચિંતા થઈ એનું પરિણામ આ પુસ્તક છે. આ જ પુસ્તકમાં સર્જકની પ્રતિબદ્ધતા શું હોવી જોઈએ એનો લેખ સમાવિષ્ટ કરે છે. ત્યારે વિવેચક શિરીષ પંચાલ પર નર્મદથી લઈ ગાંધીયુગના સર્જક-વિવેચકોનો પ્રભાવ પડેલો જોઈ શકાય છે.

વિવેચક શિરીષ પંચાલ આપણી ગુજરાતી વિવેચન પરંપરા સમૃદ્ધ છે એ દર્શાવી આપવા માટે 'વાત આપણા વિવેચનની' (૨૦૦૫) વિવેચન ગ્રંથમાં વિવેચકોની વિવેચનલક્ષી વિચારણાના વિશેષો દર્શાવી આપ્યાં છે. વિવેચકે આ પ્રકારનું કાર્ય કર્યું એનું કારણ હોઈ શકે છે કે સુરેશ જોષીને આપણી ગુજરાતી વિવેચન પરંપરા માટે એમના આત્યંતિક વલણના કારણે વિવેચન પદ્ધતિ, ગૃહીતો, અભિગમો સંદર્ભે અસ્પષ્ટતાઓ જ દેખાઈ હતી. આ કારણોસર વિવેચક શિરીષ પંચાલે આપણા પુરોગામી વિવેચકોની વિચારણાનાં એવા સ્થાનોને એમના

વિશેષ સાથે ઉદ્‌ઘાટિત કરી આપ્યાં છે કે આ પુરોગામી વિવેચકોની વિચારણા નૂતન વાચનનું પરિણામ બની રહે છે. આ પુસ્તકનું શીર્ષક જ ઘણું કહી જાય છે કે, ‘વાત આપણા વિવેચનની’, વાત આપણા વિવેચનની દ્વારા વિવેચક દર્શાવવા માંગે છે કે, આપણું વિવેચન પણ એટલું જ સક્ષમ છે. એ પાશ્ચાત્ય વિવેચનની સામે ઊભું રહી શકે એમ છે. આપણી વિવેચન પરંપરાની સમૃદ્ધિને એમણે સમજૂતીપરક ભાષામાં દર્શાવી આપી છે.

વિવેચકે અનંતરાય રાવળની સૈદ્ધાન્તિક અને પ્રત્યક્ષ વિચારણાની ચર્ચા-વિચારણા રૂપરચનાવાદી અભિગમે કરી છે. અનંતરાય રાવળની વિવેચનાને ‘બાલાવબોધી’ કહી એમના વિવેચનમાં જોવા મળતી મર્યાદાઓ, વિરોધાભાસોને દર્શાવતી વખતે એમણે પૃથ્થકરણાત્મક પદ્ધતિએ ચર્ચા કરી છે. એ જ પદ્ધતિએ ‘વિષ્ણુપ્રસાદ ત્રિવેદી’ ની વિવેચનાની તપાસ કરે છે. એમની વિવેચન વિચારણામાં જોવા મળતાં વિરોધાભાસોનો નિર્દેશ તુલનાભાવે બતાવી આપે છે. આમ વિવેચકનું કાર્ય વિવેચનામાં જોવા મળતાં વિરોધાભાસોને, મર્યાદાઓને દર્શાવી આપતાં પ્રશસ્ય બને છે. પરંતુ વિવેચક અનંતરાય રાવળ અને વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની જીવનવાદી અને નીતિવાદી વિચારણાની કડક ટીકા કરે છે. ‘રૂપરચનાવાદથી વિઘટન’ પુસ્તકમાં વિવેચકે જીવનને પણ કેન્દ્રમાં રાખ્યું જ છે. અમુકવાર વિવેચક ગુજરાતી કૃતિઓ કે વિવેચકોની વિચારણાને સમયસંદર્ભમાં તપાસતાં નથી એવી પ્રતીતિ થાય છે.

વિવેચક વિવેચનની સાંપ્રત પરિસ્થિતિથી સંતુષ્ટ નથી. માત્ર વિવેચક શિરીષ પંચાલ જ નહી પરંતુ અન્ય વિવેચકોને પણ વિવેચન પ્રવૃત્તિ સંદર્ભે પ્રશ્નો છે. અત્યારની પરિસ્થિતિમાં વિવેચનક્ષેત્રે ઓક્સિજન પૂરુ પાડતાં વિવેચકોમાં જયેશ ભોગાયતા, ભરત મહેતાના વિવેચનકાર્યનો સમાવેશ અચૂકપણે થાય છે.

વિવેચક શિરીષ પંચાલનાં વિવેચનકાર્ય વિશે, એમના વિવેચન ગ્રંથ વિશે થયેલી સમીક્ષાઓ પણ એમના કાર્યની ગંભીરતાનો નિર્દેશ કરી આપે છે. આ વિભાગમાં વિવેચકના વિવેચનકાર્યને તપાસવાની સમીક્ષકની પદ્ધતિ, અભિગમ, ભૂમિકા, તારણો, નિરીક્ષણો, મૂલ્યાંકનોની નોંધ લીધી છે. વિવેચક શિરીષ પંચાલ

પર થયેલી સમીક્ષાઓનો અભ્યાસ મેં મારા શોધનિબંધના આરંભના પ્રકરણોમાં લેખનકાર્ય સંદર્ભે કર્યો નથી. પરંતુ એમના વિવેચનકાર્ય અનુષંગે થયેલી સમીક્ષાઓની નોંધ લેવાવી જોઈએ એવી મારી પ્રતીતિ છે. આ કારણોસર આ પ્રકરણમાં મે વિવેચક શિરીષ પંચાલના કાર્ય સંદર્ભે થયેલી સમીક્ષાઓની વસ્તુલક્ષી અભિગમે નોંધ લીધી છે.

વિવેચક શિરીષ પંચાલના શોધનિબંધ 'કાવ્ય વિવેચન સમસ્યાઓ' વિશે સમીક્ષક ચન્દ્રકાન્ત ટોપીવાળાએ સમીક્ષા કરી છે. સમીક્ષકે આ શોધનિબંધની સમીક્ષા 'ગ્રન્થ ઘટન' ગ્રંથમાં કરી છે. સમીક્ષકે વિવેચકની ભૂમિકા અને અભિગમ સંદર્ભે તપાસ કરી છે. સમીક્ષકનો અભિગમ શોધનિબંધને તપાસતી વખતે સંપૂર્ણપણે ભાષાલક્ષી રહ્યો છે. વિવેચકની શૈલી, ભૂમિકા, નિરીક્ષણો, વિધાનો, મૂલ્યાંકનો અનુષંગે સમીક્ષકે પોતાના વિચારો રજૂ કર્યા છે. સમીક્ષકે વિવેચકની વિભાવના, વિચારણા, સાહિત્યિક પ્રશ્નો, પરિભાષાના અનુસંધાને કડક આલોચના કરી છે. સમીક્ષકને વિવેચકના શોધનિબંધની વિશેષતા દર્શાવવામાં જટેલો રસ નથી એટલો રસ એમની ક્ષતિઓ, સીમાઓ, મર્યાદાઓને દર્શાવી આપવામાં આવે છે. 'શોધનિબંધ' અનુષંગે એક વાત એ નોંધવા જેવી છે કે વિવેચક શિરીષ પંચાલે પણ ગુજરાતી કાવ્ય વિવેચન પરંપરાને એ સમયસંદર્ભમાં મૂલવી નથી. અને પોતાના મતે યોગ્ય લાગતો રૂપરચનાવાદી અભિગમ એને અનુસરીને જ કાવ્ય વિવેચનલક્ષી વિચારણાઓને તપાસે છે. તો વિવેચકનું આ પ્રકારનું વલણ ગુજરાતી કાવ્યવિવેચન પરંપરા માટે કેટલું યોગ્ય ગણાય ?

જયેશ ભોગાયતાએ એમના 'અનુબંધ' વિવેચન ગ્રંથમાં જ 'શિરીષ પંચાલની વિવેચના' લેખનો સમાવેશ કર્યો છે. અને 'શિરીષ પંચાલની વિવેચના' લેખ ફાર્બસ ત્રૈમાસિક સામયિકમાં ઓકટો-ડિસે ૧૯૯૭માં પ્રકાશિત થયો હતો. જયેશ ભોગાયતાના લેખ સંદર્ભે 'પરબ' સામયિકમાં સામયિક અનુષંગેની ચર્ચા-વિચારણા કરતો લેખમાં નોધ્યું છે કે, 'શિરીષ પંચાલની વિવેચના ઉપરનો જયેશ ભોગાયતાનો અભ્યાસ લેખ 'ફાર્બસ' ની સમૃદ્ધિ સૂચવે છે.' (પૃષ્ઠ-૧૦૬) સમીક્ષકે પ્રસ્તુત લેખમાં વિવેચક શિરીષ પંચાલની સર્જન-પ્રવૃત્તિ અને વિવેચન પ્રવૃત્તિ સંદર્ભે

વિશ્લેષણપરક અને મૂલ્યાંકનપરક ભાષામાં સમીક્ષા કરી છે. સમીક્ષકે વિવેચકની સૈદ્ધાન્તિક અને પ્રત્યક્ષ વિવેચનલક્ષી ભૂમિકા, વિચારો, ગૃહીતો, મંતવ્યોને સ્પષ્ટ કરી આપ્યાં છે. વિવેચકની વિચારણામાં આવતાં સ્થિત્યંત્તરોની તર્કબદ્ધભાષામાં વૈજ્ઞાનિક પદ્ધતિએ નોંધ લઈ રજૂઆત કરે છે. સમીક્ષકે વિવેચકની સર્જનવ્યાપાર, ભાવનવ્યાપાર, વિવેચનવ્યાપારની ચેતનાનો ઊંડો પરિચય કરાવી આપ્યો છે. સમીક્ષકે વિવેચકના લેખો, વિવેચન ગ્રંથો, સર્જનના અનુસંધાનમાં એમની વિવેચન અને સર્જન પ્રવૃત્તિના વિશેષો અને સીમાઓનો નિર્દેશ કરી આપ્યો છે. વિવેચકની સર્જન અને વિવેચનલક્ષી વિચારણા કોનાથી પ્રભાવિત છે એની પણ નોંધ સમીક્ષકે લીધી છે. સમીક્ષકે વિવેચકની વિવેચન પ્રવૃત્તિની અર્થઘટનમૂલક ચર્ચા કરી છે. વિવેચકની ભાવાનુવાદની પ્રવૃત્તિને પણ બિરદાવી છે. સમીક્ષકને જયાં વિવેચકના વિવેચનકાર્યમાં સીમાઓ દેખાઈ હોય એનો નિર્ભીકપણે તાર્કિક પદ્ધતિએ સદષ્ટાંતમૂલક પરિચય કરાવ્યો છે.

ટૂંકમાં એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી કે, સમીક્ષકના આ પ્રકારના લેખ વડે શિરીષ પંચાલ વિવેચક તરીકે કેવા છે એનો પરિચય ચોકકસપણે થાય છે. વિવેચક શિરીષ પંચાલની વિવેચન પ્રવૃત્તિ વિશે આ પ્રકારનો કોઈ પણ લેખ અન્ય વિવેચકો પાસેથી પ્રાપ્ત થતો નથી. સમીક્ષકે આ રીતનું લેખનકાર્ય કરવા અનુષંગે ઊંડો અભ્યાસ કરવો પડયો હશે એની દઢ પ્રતીતિ કરાવતો લેખ બની રહે છે. આ પ્રકારના લેખ સમીક્ષક પાસેથી અન્ય વિવેચકો સંદર્ભે પણ જો મળતાં રહે તો હાંસિયામાં ધકેલાય ગયેલી અન્ય વિવેચકોની વિવેચન પ્રવૃત્તિનો પણ ઊંડો પરિચય આવા લેખથી મળતો રહેશે. સમીક્ષકે લેખના અંતે દીર્ઘ સૂચિ પણ વિવેચકના ગ્રંથ અને લેખો અનુષંગેની આપી છે. વિવેચકનું સમીક્ષાત્મક કાર્ય ઘણું પ્રશંસનીય બની રહે છે. કારણકે એમણે વિવેચકના સર્જન અને વિવેચનકાર્યના દરેક પાસાંને તપાસી આપ્યાં છે.

પારૂલ કંદર્પ દેસાઈએ 'ગુજરાતી વાર્તાસંચય ભાગ : ૨' વાર્તાસંચયની સમીક્ષા 'પરબ' સામયિકમાં નવેમ્બર વર્ષ ૨૦૦૨ માં કરી છે. સમીક્ષકે વિવેચકના સંપાદિત પુસ્તકની ખૂબ કડક સમીક્ષા કરી છે. સમીક્ષકે

'ગુજરાતી વાર્તાસંચય : ૨' ભાગને સમીક્ષા અનુષંગે પસંદ કર્યો છે. વિવેચકની, એમના સહસંપાદકની વાર્તાની પસંદગી, એ વાર્તાના નિરીક્ષણો સંદર્ભેની એમની નોંધની મૂલ્યાંકનલક્ષી ભાષામાં સીમાઓ દર્શાવી આપી છે. સમીક્ષકે વિવેચકના નિરીક્ષણો પાછળ એમની વિચારસરણી, એમની ભૂમિકા, સંદર્ભોને ધ્યાનમાં રાખીને ઉચિત પરિપ્રેક્ષ્યમાં નોંધ લીધી છે. વિવેચકે 'વાર્તા' અનુષંગે જે ચર્ચાઓ કરી છે એ ચર્ચાઓ સમીક્ષકને ઉચિત પરિપ્રેક્ષ્યમાં કરી હોય એવી પ્રતીતિ થતી નથી. વિવેચક શિરીષ પંચાલની સાથે અન્ય સહસંપાદક તરીકે જયંત પારેખે આ વાર્તાનું સંપાદનકાર્ય કર્યું છે એવી નોંધ લઈ સમીક્ષકે બંનેના 'વાર્તા' અનુષંગેના અભિપ્રાયો જુદાં છે એમ જણાવ્યું છે. એ સમીક્ષકના મતે યોગ્ય નથી. પરંતુ દરેક વ્યકિત એક જ વાર્તાને જુદી-જુદી રીતે જોશે. આ વાતને આપણે કેમ ભૂલી શકીએ. સમીક્ષકને સુરેશ જોષીની, મોહન પરમારની અને કિશોર જાદવની વાર્તા પસંદગી બાબતે પ્રશ્નો થયા છે. કારણકે વિવેચકે સંપાદકીય નોંધમાં ત્રણ વાર્તાકારોની વાર્તા અનુષંગે સીમાઓ, મર્યાદાઓનો નિર્દેશ કર્યો હતો. સમીક્ષકને વાર્તા પસંદગીની સૂઝ, ઈતિહાસદષ્ટિ, કલાકીય ઉચ્ચાવચતા સંદર્ભે પ્રશ્નો થયાં છે. સમીક્ષક માને છે એટલો નબળો આ વાર્તાસંચય નથી. વિવેચકની વાર્તા પસંદગીની સૂઝ, એમના વાર્તા અનુષંગેના નિરીક્ષણો એ સાબિતી છે.

રાધેશ્યામ શર્માએ 'વીસમી સદીનું ગુજરાત' પુસ્તકની સમીક્ષા કરી છે. સમીક્ષકે આ પુસ્તકને એની સામગ્રીના અનુસંધાનમાં તપાસ્યું છે. લેખના આરંભમાં સમીક્ષકે પુસ્તકમાં સમાવિષ્ટ લેખોના વિષયોની નામસહિત નોંધ લીધી છે. સમીક્ષકને આ પુસ્તકની ટાઈપોગ્રાફી અનુષંગે પ્રશ્નો થયાં છે. એમના મતે 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાત' પુસ્તકની પુનરાવૃત્તિ જ 'વીસમી સદીનું ગુજરાત' લાગે છે. લેખનકાર્યનો વિભાંગ જે-જે લેખકોને આપ્યો છે, એની અછડતી નોંધ સમીક્ષકે લીધી છે. વિવેચકના 'સાહિત્ય' લેખને કેન્દ્રમાં રાખીને જ સમીક્ષા કરી છે. પ્રસ્તુત લેખમાં શિરીષ પંચાલ સિવાયના અન્ય લેખકોના પ્રદાનને લઈ ઊંડાણપૂર્વકની કોઈ ચર્ચા કરવામાં આવી નથી એની નોંધ લેવી ખપે. સમીક્ષકની ભાષા મૂલ્યાંકનપરક

છે. સમીક્ષકને વિવેચકના 'સાહિત્ય' લેખથી પ્રશ્નો ઉદ્‌ભવ્યાં છે એ જ વિચાર સમીક્ષકના લેખના કેન્દ્રમાં રહ્યો છે.

પારૂલ કંદર્પ દેસાઈએ 'ગુજરાતી સાહિત્યનો દસમો દાયકો' લેખમાં શિરીષ પંચાલના વિવેચન ગ્રંથ 'પશ્ચિમનું સાહિત્ય વિવેચન' (પ્રાચીનકાળ), 'પશ્ચિમનું સાહિત્ય વિવેચન' (અર્વાચીનકાળ) ની અછડતી ચર્ચા કરી છે. પ્રસ્તુત લેખ 'પરબ' સામયિકમાં નવેમ્બર ૨૦૦૨ માં પ્રકાશિત થયો છે. સમીક્ષકે વિવેચકના આ બે ગ્રંથોને વધાવી લીધા છે. કારણકે વિવેચક માત્ર માહિતી પૂરી ન પાડતાં સાહિત્યવિચાર, કાવ્યવિચારને તત્કાલીન સંદર્ભો અંતર્ગત રજૂ કરે છે. વિવેચકની સાહિત્યિક વિવેચનલક્ષી વિચારણાને રજૂ કરવાની શૈલી, વિશેષોનો સમીક્ષકે ટૂંકમાં નિર્દેશ કર્યો છે. સમીક્ષકે આ પુસ્તકની તુલનાએ મણિલાલ હ.પટેલ અને હરિશ પંડિતના 'સાહિત્યમીમાંસા' ની મર્યાદાઓનો માત્ર નિર્દેશ કર્યો છે. અને વિવેચક શિરીષ પંચાલના વિવેચનકાર્યને ઉચિત પરિપ્રેક્ષ્યમાં વધાવી લે છે. સમીક્ષકની ભાષા વિશ્લેષણપરક અને અસંદિગ્ધ છે.

ભરત મહેતાએ વિવેચકના વિવેચન ગ્રંથો, વિવેચનકાર્ય વિશે પોતાના પુસ્તક 'રેખાંકિત'માં 'અઢી દાયકાનું વિવેચન', 'દસમા દાયકાનું વિવેચન' અને '૨૦૦૪-૨૦૦૫'નું વિવેચનમાં છૂટીછવાઈ ચર્ચાઓ કરી છે. સમીક્ષકની એ ચર્ચાઓ વિવેચકના વિશેષો અને સીમાઓનો ઉચિત પરિપ્રેક્ષ્યમાં નિર્દેશ કરી આપે છે. 'અઢી દાયકાનું વિવેચન' માં સુરેશ જોષીની વિચારણામાં જે વિસ્તરણ જોવા મળતું નથી એ વિસ્તરણ શિરીષ પંચાલની વિચારણામાં જોવા મળે છે. શિરીષ પંચાલને કેવા અભિગમોમાં રસ નથી એનો પણ ઉલ્લેખ સમીક્ષકે કર્યો છે. 'દસમા દાયકાનું વિવેચન' લેખમાં સમીક્ષકે વિવેચકના 'પશ્ચિમનું સાહિત્ય વિવેચન' ગ્રંથોની વિશેષતાની ટૂંકમાં નોંધ લીધી છે. સમીક્ષકને વિવેચકનું કાર્ય એટલે સ્પર્શી ગયું કારણકે એ મૌલિક બની રહે છે. '૨૦૦૪-૨૦૦૫ નું વિવેચન' લેખમાં 'વાત આપણા વિવેચનની' વિવેચન ગ્રંથની સમીક્ષા કરી છે. સમીક્ષકે વિવેચકના વિવેચન ગ્રંથ અનુષંગેની ભૂમિકા, ગૃહીતો, નિરીક્ષણોની તપાસ 'સુરેશ જોષીના' વિવેચનકાર્યને સંદર્ભે કરી છે. સમીક્ષકે વિવેચકની વિચારણામાં આવતાં

સ્થિત્યંતરની નોંધ સદષ્ટાંતમૂલક લીધી છે. વિવેચકે સુરેશ જોષીની મર્યાદાઓની અવતરણ ટાંકીને નોંધી લીધી છે. તેમ છતાં વિવેચક સુરેશ જોષીની વિશેષતાઓ, એમની કળા વિભાવનાઓને પણ ઉચિત પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી છે. વિવેચકના આ ગ્રંથને સમીક્ષકે બિરદાવ્યો છે. સમીક્ષકે વિવેચકના કાર્યક્ષેત્રનું વ્યાપક ભૂમિકાએ વિશ્લેષણપરક ભાષામાં મૂલ્યાંકન કર્યું છે.

સિતાંશુ યશશ્ચંદ્રએ વિવેચકના સંપાદનગ્રંથ 'વિવેચનપોથી' ની સમીક્ષા ડિસે-૨૦૦૯ 'એતદ્' સામયિકમાં કરી છે. સમીક્ષકે વિવેચકના આ સંપાદનને વિલક્ષણ કહ્યું છે. સમીક્ષકને વિવેચકની પદ્ધતિ, અભિગમ, પ્રયોજન સ્પર્શી ગયાં છે. સમીક્ષકે 'વિવેચનપોથી' ની વિશેષતા સદષ્ટાંતમૂલક ચર્ચી છે. આ સંપાદન ગ્રંથની આજના સમયમાં પ્રસ્તુતતા છે એની નોંધ પણ ઉચિત પરિપ્રેક્ષ્યમાં લીધી છે. સમીક્ષકે વિવરણાત્મક ભાષામાં માત્ર સંપાદિત પુસ્તકના કેન્દ્રથી નહી પણ વિવેચકની વિવેચના પર પ્રભાવ પાડનાર સર્જકો અને અન્ય સંદર્ભોના અનુસંધાનમાં સમીક્ષા કરી છે. સમીક્ષકે નોંધ્યું છે કે, 'પોથી'ના સંપાદનકાર્યની વિશેષતા જ એ છે કે, કોશમાં મૂકાયેલાં બધા જ મંતવ્યો ગુજરાતી વિવેચકો-ચિંતકોનાં છે.' સમીક્ષકે સંપાદિત ગ્રંથને વસ્તુલક્ષીની સાથે ઐતિહાસિક અભિગમે તપાસ્યો છે. સમીક્ષકની ભાષા અસંદિગ્ધ છે. એમણે ઉદ્ધરણો ટાંકીને વિવેચકની સંપાદક તરીકેની વિશેષતાઓ ઉપસાવી આપી છે. સમીક્ષકે આ પુસ્તકમાં જ્યાં પ્રશ્નો થયાં છે એની વિશ્લેષણપરક ચર્ચાઓ કરી છે. 'અર્થધ્વનિ' સંજ્ઞાને સ્પષ્ટ કરી આપવા માટે સૂચન કર્યું છે. નલિન રાવળ, મનસુખલાલ ઝવેરીની કાવ્ય, કવિ વિષયક વિભાવના અનુષંગે સમીક્ષકને પ્રશ્નો થયાં છે એની પણ નોંધ લીધી છે.

જયેશ ભોગાયતાએ 'વાતા આપણા વિવેચનની' વિવેચકના વિવેચન ગ્રંથ વિશે ફેબ્રુ-૨૦૧૦ 'પરબ' સામયિકમાં પુરસ્કારની ઘટના નિમિત્તે સમીક્ષા કરી. સમીક્ષકનો સાહિત્ય જગત પ્રત્યેનો ઉગ્ર સૂર આ સમીક્ષામાં જોવા મળે. કારણકે વિવેચકના આ ગ્રંથને પુરસ્કાર ગુજરાતની કોઈ પણ સંસ્થામાંથી મળતો નથી અને કેન્દ્રીય સાહિત્ય અકાદમી તરફથી મળે છે. આ ઘટના સંદર્ભે સમીક્ષકે સંસ્થાઓ, વિવેચકો પર કટાક્ષ કરીને એમને અર્ધજાગ્રત અવસ્થામાંથી જાગ્રત કરવાનો દઢ

પ્રયાસ કર્યો છે. સમીક્ષકે વિવેચકનું અભ્યાસ ઘડતર જે શિક્ષકોના હાથમાં થયું એની પણ નોંધ લીધી છે. સમીક્ષક જણાવે છે કે, વિવેચકની વિવેચના જયોર્જ સ્ટેનરના આદર્શને ચરિતાર્થ કરે છે. વિવેચકના સર્જન, સંપાદનકાર્યને સમીક્ષકે પ્રસ્તુત ગ્રંથમાં મૂલવ્યાં છે. વિવેચકની અનુવાદ પ્રવૃત્તિને બિરદાવી છે. સમીક્ષકે વિવેચકના વિવેચન ગ્રંથના શીર્ષકની પણ સ્પષ્ટતા કરી આપી છે. વિવેચકે 'સુન્દરમ્‌ની કાવ્યભાવના' લેખમાં કયા ગૃહીતોને લઈ ચર્ચા-વિચારણા કરી છે એની નોંધ પણ સમીક્ષકે ઉચિત પરિપ્રેક્ષ્યમાં લીધી છે. સમીક્ષકે પ્રસ્તુત લેખમાં વિવેચકના વિવેચન ગ્રંથની વિશેષતા દર્શાવી આપી છે કે, એમણે 'વિવેચકોનાં ઉપેક્ષિત સ્થાનોને પ્રકાશમાં લાવવાનો જે નિર્ધાર કર્યો છે તેનાથી આ વિવેચકોની બહુપરિમાણી પ્રતિભાના વિશેષ ઉન્મેષો પ્રકાશમાં આવ્યાં છે.' સમીક્ષકે પ્રસ્તુત વિવેચન ગ્રંથમાં સમાવેશ પામેલ છ વિવેચકોની વિવેચન વિચારણાને વિવેચકે કંઈ રીતે ઉદ્‌ઘાટિત કરવાનો પ્રયાસ કર્યો છે એની મૂલ્યાંકનલક્ષી ભાષામાં નોંધ રજૂ કરી છે. સમીક્ષકનો પ્રસ્તુત લેખ વિવેચકના વિવેચનકાર્યને ગંભીરતાપૂર્વક મૂલવે છે. સમીક્ષકની પદ્ધતિ મૂલ્યાંકનલક્ષી છે. સમીક્ષકનો અભિગમ સર્જક-વિવેચકલક્ષી રહ્યો છે. સમીક્ષકે ઐતિહાસિક સંદર્ભમાં વિવેચકની વિવેચનાને તપાસી છે. અને એમના વિવેચનકાર્યને પ્રકાશમાં આણવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે.

સમીક્ષક જયેશ ભોગયતાએ વિવેચકની 'વિવેચનપોથી' નું અવલોકન કૃતિલક્ષી અને ઐતિહાસિક અભિગમે કર્યું છે. પ્રસ્તુત લેખ જૂન-૨૦૧૧ 'શબ્દસૃષ્ટિ' માં પ્રકાશિત થયો છે. સમીક્ષકે 'વિવેચનપોથી' ના પ્રથમ પૃષ્ઠથી અંત સુધીના પૃષ્ઠ પરથી મુખ્ય મુખ્ય ઘટનાઓની નોંધ સાહિત્યિક સંદર્ભમાં લીધી છે. સમીક્ષકે સંપાદકના નિવેદન, અર્પણ, આયોજન, પ્રયોજન, સંજ્ઞાઓ વિશે શાસ્ત્રીય પદ્ધતિએ ચર્ચાઓ કરી છે. સમીક્ષકે વિવેચકની વિભાવનામૂલક ચર્ચાને ગૃહીતો, માન્યતાઓ, ભૂમિકાના સંદર્ભમાં નોંધી છે. વિવેચકની વિવેચનલક્ષી વિચારણામાં આવતાં સ્થિત્યંત્તરની અચૂકપણે નોંધ લીધી છે. પરિભાષિક સંજ્ઞાઓનો પરિચય કરાવવાની શરૂઆત સુરેશ જોષીએ 'વાણી' અને 'મનીષા' સામયિકથી કરી હતી એની વાત પણ સમીક્ષકે મૂકી આપી છે. સમીક્ષકે અમુક સંજ્ઞાઓનો સમાવેશ ન

કરતાં પ્રશ્નો થયાં છે. બીજા પ્રશ્ન પૂર્વ-પશ્ચિમની વિવેચનાએ ઘડેલી સંજ્ઞાઓનો સમાવેશ કેમ નહી કર્યો હોય એ થાય છે. સમીક્ષકે 'વિવેચનપોથી'નું વાંચન કેવી રીતે કરવું એ માટે વાચનરીતિ પણ મૂકી આપી છે. જેની ખરેખર પ્રસ્તુતતા છે. સમીક્ષકે 'વિવેચનપોથી'નું મૂલ્યાંકનપરક ભાષામાં અવલોકન કર્યું છે. જયેશ ભોગાયતાએ જ વિવેચકની વિવેચનલક્ષી વિચારણાને પ્રકાશમાં આણવા માટે વધુ પ્રયાસ કર્યો છે. એમ કહેવામાં કોઈ અતિશયોકિત નથી. વિવેચક શિરીષ પંચાલની વિવેચના વિશે છૂટું છવાયું લખાતું રહે છે પરંતુ શાસ્ત્રીય પદ્ધતિએ, તર્કબદ્ધ ભાષામાં, સમગ્રપણે અવલોકન તો વિવેચક જયેશ ભોગયતાએ જ કર્યું છે. જેનાથી વિવેચક શિરીષ પંચાલની વિવેચન પ્રવૃત્તિથી સાહિત્યજગતમાં વાચકો-ભાવકો પરિચિત થયાં છે.

વિવેચક શિરીષ પંચાલનું વિવેચનક્ષેત્રે મુખ્ય પ્રદાન જ એ છે કે એઓ સમકાલીન વિવેચકોથી જુદાં પડીને કૃતિને, સિદ્ધાંતોને ચર્ચે છે. આધુનિકોએ કૃતિ સિવાયના અન્ય સંદર્ભોને હાંસિયામાં ધકેલવાનો પ્રયત્ન કર્યો હતો. જે વિવેચકે સાથે લઈને ચાલવાની વાત પર ભાર મૂકયો. સર્જકની, વિવેચકની પ્રતિબદ્ધતાનો પરિચય કરાવ્યો. એમણે 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાત', 'વીસમી સદીનું ગુજરાત' જેવા પુસ્તકો વડે માનવજીવનમાં કળા સિવાયની અન્ય વિદ્યાશાખાઓ, સંદર્ભોની શું અનિવાર્યતા હોય છે એની સભાનતા પ્રગટાવી આપી. વિવેચકે આપણી ગુજરાતી વિવેચન પરંપરા સમૃદ્ધ છે એની ચર્ચા-વિચારણા આઠમા-નવમાં દાયકાથી છૂટક-છૂટક લેખોમાં કરી છે. એનું સવિસ્તરણ 'વાત આપણા વિવેચનની' વિવેચન ગ્રંથમાં થયું છે. વિવેચકે ભવિષ્યમાં અભ્યાસીઓ, વિવેચકો માટે નૂતન દિશા ચીધી આપી છે કે, માત્ર કૃતિને જ નહિ પણ અન્ય સંદર્ભોને સાથે રાખીને કૃતિની તપાસ કરો. જેમકે, અન્ય સંદર્ભો વગર 'સાહિત્ય' ને તપાસવા જતાં જે ભયસ્થાનો ઊભા થાય એનો પણ નિર્દેશ કરી આપ્યો છે. વિવેચક શિરીષ પંચાલ આમ અન્ય સમકાલીન વિવેચકોથી જુદાં પડે છે. એમની વિવેચના ભવિષ્યમાં પણ નૂતન પરિણામગામી બની રહેશે.